www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS
Express
chipsgnd@gmail.com



પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૪૫ | ૩ ઓગસ્ટ, ૨૦૧૮, શુક્રવાર; અષાઢ વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## પ્રભાતના પગરવ...

### કપરી સેવાના સેવાધારીઓને સલામ..!

મૃત્યુબાદ પણ કોઈની સેવા સ્વીકારવી પડે એની કલ્પના હચમચાવી નાખે છે. સ્વાભાવિક જ સ્વજનના મૃત્યુ સમયે જ્ઞાતિજનો, મિત્ર પરિવાર અને સ્વજન અંતિમ સંસ્કાર કરતાં હોય છે. પરંતુ જેના કોઈ સ્વજન ઓળખાતો નથી. જેના કોઈ વાલી વારસ જાણી શકાયા નથી. એવા બિનવારસી મૃતદેહોના અંતિમ સંસ્કારની પાવન સેવા છેલ્લા અઢાર વરસથી ગાંધીનગરમાં અવિરત ચાલે છે.

ગુજરાતના કોઈપણ નગર મહાનગરમાં બિનવારસી મૃતદેહોની સંખ્યા કરતાં ગાંધીનગરમાં બિનવારસી મૃતદેહોની સંખ્યા દસ ગણી છે. નર્મદા કેનાલ જિલ્લાના મુખ્ય વિસ્તારોમાંથી પસાર થતી હોવાના પગલે ગાંધીનગર-અમદાવાદ ઉપરાંત આસપાસના ઘણા વિસ્તારોના નિરાશ-હતાશ નાગરિકો માટે આત્મહત્યાનું મુખ્ય કેન્દ્ર કેનાલ બની ગઈ છે. જો કે છેલ્લા પાંચ-છ વર્ષથી નર્મદા નિગમની સતર્કતા, શહેરના કેટલાક યુવાનોની સજ્જતા અને ફાયરબ્રીગેડની તત્પરતાના કારણે બિનવારસી મૃતદેહોનો આંકડો થોડો નિયંત્રિત થયો છે. આમ છતાં સંપુર્ણ ઘટાડો નથી થયો. વર્ષ-૨૦૦૦ થી ૨૦૧૮ દરમિયાન ગાંધીનગરની જાણીતી સેવાકીય સંસ્થા જુનિયર સીટીજન કાઉન્સીલે ૮૨૯ બિનવારસી મૃતદેહોનો અંતિમ સંસ્કાર કર્યા. આ ગણિતને જો કોઈ અલગ રીતે જોઈએ તો અઢાર વર્ષમાં ૮૨૯ અર્થાત દર વર્ષે ૪૫-૪૬નો આંકડો થાય અને દર મહિને ચાર થી પાંચ કમનસીબ માનવીઓ વાલી-વારસ વિના મૃત્યુને શરણ થાય છે.

બિનવારસી મૃતદેહનો અંતિમ સંસ્કાર કરવાની સેવા સૌથી વિકટ હોય છે. આત્મહત્યા બાદ એ મૃતદેહના ફોટા સાથે સંબંધિત પોલીસસ્ટેશન માધ્યમોથી વાલી-વારસ માટેની જાહેરાત આપે. સાત દિવસ સુધી વાલી-વારસની રાહ જોવી ફરજિયાત છે. એટલે સમજી શકાય કે ગમે તેવા કોલ્ડરૂમમાં રખાયેલા મૃતદેહની હાલત કેવી હોઈ શકે એનું વર્ણન કરવા માટે શક્તિ પણ નથી અને આ સ્થાન પણ નથી. પરંતુ વિચિત્ર હાલતમાં કોલ્ડરૂમમાંથી લઈ અંતિમધામ સુધી પહોંચાડવાની અને અંતિમધામમાં અગ્નિસંસ્કાર કરવાની આ બન્ને કપરી કામગીરી ગાંધીનગરના કસાયેલા સેવાભાવી યુવાનોને જેટલી સલામ પાઠવીએ તેટલી ઓછી છે. ગૌરવની વાત તો એ છે કે જુ.સિ.કા.ના કાર્યકરો ક્યારેય પણ બિનવારસી અંતિમ સંસ્કાર માટે જવાની આનાકાની કરી હોય કે અણગમો છતો કર્યો હોય એવો કોઈ બનાવ નથી. ઉલટાનું હોંશથી આ સેવામાં જોડાનાર કાર્યકરોની સંખ્યા નોંધપાત્ર રીતે વધતી જાય છે. અઢાર વરસથી ચાલતી આ કપરી સેવામાં જોડાનાર સૌ કાર્યકરોને લાગણીપૂર્વક પીઠ થાબડીએ છીએ.

# એસસી-એસટી એક્ટ મામલે સંસદ ગાજી

**સુપ્રીમ કોર્ટના ચુકાદાને લઇને તીખી ચર્ચા : લોકસભામાં ભાજપ-કોંગ્રેસના સભ્યો આમને સામને એસસી-એસટી એક્ટ પર વટહુકમ લાવવા મોદી સરકાર ઉપર કોંગ્રેસ તરફથી દબાણ : વર્તમાન સત્રમાં જ બિલ લાવવા માટે રાજનાથસિંહે આપેલી ખાતરી**





નવીદિલ્હી,તા. ૨

લોકસભામાં એસસી અને એસટી એક્ટને લઈને સુપ્રીમ કોર્ટના નિર્ણય મુદ્દે આજે આક્રમક અને ગરમાગરમ ચર્ચા થઈ હતી. સામ સામે આક્ષેપબાજીનો દોર ચાલ્યો હતો. કોંગ્રેસે મોદી સરકાર ઉપર આક્ષેપ કર્યો હતો કે, આ ગાળા દરમિયાન સરકારે તમામ વટહુકમ પસાર કરાવ્યા છે પરંતુ દલિતો અને આદિવાસીઓના હિત અને તેમની સુરક્ષા કરનાર એક્ટની મજબૂતી ઉપર વટહુકમ લાવી શકાયો નથી. અલબત્ત સરકાર તરફથી પણ કહેવામાં આવ્યું હતું કે, કેબિનેટે આના ઉપર બિલ પસાર કરી દીધું છે અને આને આ સપ્તાહમાં જ પસાર કરવામાં આવશે. એસસી અને એસટી એક્ટ ઉપર વટહુકમ લાવવા કોંગ્રેસે રજૂઆત કરી હતી જ્યારે રાજનાથસિંહે ખાતરી આપી હતી કે, વર્તમાન સત્રમાં જ આને પાસ કરવામાં આવશે. આજે કોંગ્રેસના સાંસદ મલ્લિકાર્જુન ખડગે દ્વારા લોકસભામાં એસસી અને એસટી એક્ટનો મુદ્દો ઉઠાવ્યો હતો. ખડગેએ કહ્યું હતું કે, સરકાર દ્વારા આ ગાળા દરમિયાન અનેક વટહુકમ લાવવામાં આવ્યા છે પરંતુ એસસી અને એસટી એક્ટ ઉપર કોઈ વટહુકમ કેમ લાવવામાં આવ્યા નથી. સરકારે આ અંગે ખુલાસો કરવો જોઈએ. ખડગેએ ઉમેર્યું હતું

● અનુસંધાન પાન-૭ પર

### અમરસિંઘનો લોકસભાની ચૂંટણી લડવાનો ઈન્કાર



લખનૌ,તા. ૨

રાજ્યસભા સાંસદ અમરસિંહના આઝમગઢમાંથી ચૂંટણી લડવાના અહેવાલને આખરે રદિયો મળી ગયો છે. અમરસિંહે પોતે આ અહેવાલને રદિયો આપ્યો છે. અમરસિંહે સાફ શબ્દોમાં કહ્યું છે કે, તેઓ કોઈપણ પ્રકારની ચૂંટણી લડવા જઈ રહ્યા નથી. જો કે, અમરસિંહે સાફ શબ્દોમાં કહ્યું છે કે, આવનાર લોકસભાની ચૂંટણીમાં તેઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ તરફથી આક્રમક ચૂંટણી પ્રચાર કરશે. અમરસિંહે અખિલેશ યાદવને બબુઆ અને માયાવતીને બુઆ કહીને તેમને સમર્થન નહીં આપવાની જાહેરાત કરી હતી. તાજેતરમાં જ યોગી સરકારની ગ્રાઉન્ડ બ્રેકિંગ સેરેમની દરમિયાન અમરસિંહ કાર્યક્રમમાં પહોંચ્યા હતા. વડાપ્રધાન મોદીએ પણ પોતાના ભાષણ દરમિયાન વારંવાર અમરસિંહના નામનો ઉલ્લેખ કરીને વાત કરી હતી.

# અમેરિકાની બેવડી ચાલ : પાકને પણ સહાય

**ટ્રમ્પ સરકારે આતંકીઓ પર એક્શનની શરત પણ હટાવી : પાકિસ્તાનને ૧૫ કરોડ ડોલરની સહાય કરશે : અમેરિકી કોંગ્રેસ સેનેટમાં એનટીએએ રક્ષા વિધેયક ૧૦ મતોની અવેજમાં ૮૭ મતોથી પસાર કરવામાં આવ્યો**

વૉશિંગ્ટન,તા. ૨

એક તરફ અમેરિકા પાકિસ્તાનને જાહેરમાં આતંકવાદ નાથવાનું કહીને તેની આકરી ટીકા કરે છે. તો બીજી તરફ તેને આર્થિક મદદ પહોંચાડવાનું પણ ચાલુ જ રાખે છે. અમેરિકા પાકિસ્તાનને ૧૫ કરોડ ડૉલરની મદદ કરવા જઈ રહ્યું છે. સાથો સાથ પૈસાના બદલામાં હક્કાની નેટવર્ક અને લશ્કર-એ-તોયબ્બા વિરૂદ્ધ કાર્યવાહીની જે પૂર્વ શરતો હતી તેને પણ ટ્રમ્પ સરકારે હટાવી લીધી છે.

અમેરિકી કોંગ્રેસે સેનેટમાં ૨૦૧૯ નાણાંકિય વર્ષ માટે જોન એસ મેક્કેન નેશનલ ડિફેંસ ઓથોરાઈઝેશન એક્ટ (એનટીએએ) (રક્ષા વિધેયક) ૧૦ મતોની અવેજમાં ૮૭ મતોથી પસાર કરી દેવામાં આવ્યો. હાઉસ ઓફ રિપ્રેઝેંટેટિવ્સે બિલ પર ગત સપ્તાહે જ મંજૂરીની મ્હોર મારી દીધી હતી, હવે આ બિલ હસ્તાક્ષર માટે રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ પાસે મોકલવામાં આવશે.

પૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાના કાર્યકાળમાં વ્હાઈટ હાઉસ રાષ્ટ્રિય સુરક્ષા પરિષદના સભ્ય રહી ચુકેલા અનીશ ગોયલે કહ્યું છે કે, બિલમાં પાકિસ્તાનને પ્રતિપૂર્તિના રૂપમાં આપવામાં આવનારી કુલ રકમ ઘટાડીને ૧૫

● અનુસંધાન પાન-૭ પર



## ન્યુઝ ટ્રેક

**ઈમરાનખાનની શપથવિધિમાં કપિલદેવ અને સિદ્ધુ જશે**

ઈમરાનખાનના શપથગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત કોઈપણ વિદેશી નેતાને નહી બોલાવાય. ઈમરાનખાનના ખાસ મિત્રો પૂર્વ ક્રિકેટર કપિલદેવ અને નવજ્યોતસિંહ સિદ્ધુ જઈ શકે છે.

**ટીએમસીના સાંસદની ધરપકડ**

એનઆરસી મુદ્દે વિવાદ સતત વધી રહ્યો છે. આ રીપોર્ટનો વિરોધ કરવા તૃણમુલ કોંગ્રેસના ૬ સાંસદો અને ૨ ધારાસભ્યો અસમ પહોંચ્યા હતા. જ્યાં તેમની ધરપકડ કરવામાં આવી હતી.

**સૌર મંડળની બહાર નવા ગ્રહોનો સમૂહ**

વૈજ્ઞાનિકોએ સૌર મંડળની બહાર ગ્રહોના એક એવા સમુહની ઓળખ કરી છે. જ્યાં કદાચ જીવનની શક્યતા છે. હજુ સંશોધન ચાલી રહ્યું છે.

**ક્રિકેટર રિદ્ધિમાન સાહાની સર્જરી**

ભારતીય વિકેટકિપર બેટ્સમેન રિદ્ધિમાન સહાની ખભાની સર્જરી માન્ચેસ્ટરમાં કરવામાં આવી છે. તેઓને આઈપીએલની મેચ દરમ્યાન અંગુઠા પર ઈજા થઈ હતી.

# કુપવારા ભીષણ અથડામણમાં બે ત્રાસવાદી ઠાર : શસ્ત્રો કબજે

**બાતમી આધારે સફળ ઓપરેશન પાર પડાયું : ત્રાસવાદી સામે આક્રમક કાર્યવાહીનો દોર યથાવત રીતે જારી રખાયું**

કુપવારા,તા. ૨

જમ્મુ કાશ્મીરના કુપવારામાં સુરક્ષા દળોને આજે મોટી સફળતા હાથ લાગી હતી. ભીષણ અથડામણમાં વધુ બે ત્રાસવાદીઓને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા. જમ્મુ કાશ્મીરના પોલીસ મહાનિદેશક એસપી વૈદ્ય દ્વારા ટ્વિટર પર આ અંગેની માહિતી આપવામાં આવી છે. કુપવારા રાજ્યના સૌથી સંવેદનશીલ વિસ્તારો પૈકી એક તરીકે છે. ડીજીપી એસપી વૈદ્ય દ્વારા ટ્વિટર પર કહેવામાં આવ્યું છે કે, લોલાબ કુપવારામાં જમ્મુ કાશ્મીર પોલીસ અને સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા ભીષણ ઓપરેશનમાં બે ત્રાસવાદીઓ ઠાર થયા છે. ત્રાસવાદીઓ પાસેથી મોટા પ્રમાણમાં હથિયારો પણ જપ્ત કરવામાં આવ્યા છે. બાતમીના આધારે આ સમગ્ર ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લા સહિત કેટલાક જિલ્લાઓમાં તંગદિલી વચ્ચે ૨૬મી જુલાઈના દિવસે ત્રાસવાદીઓની સામે મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. ઉત્તરીય કાશ્મીરના કુપવારા અને શ્રીનગર શહેરમાં બે જુદા જુદા સ્થળ પર કાર્યવાહી કરવામાં આવી હતી. કુપવારાના હેન્ડવારામાં પણ મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરમાં હાલ પણ મોટી સંખ્યામાં ત્રાસવાદી સક્રિય થયેલા છે. આ ત્રાસવાદીઓ પરિસ્થિતિનો લાભ ઉઠાવીને હુમલા કરવાની યોજના ધરાવે છે.

## સ્વદેશી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનું સફળ પરીક્ષણ

ભુવનેશ્વર,તા. ૨

સંરક્ષણના ક્ષેત્રમાં ભારતે વધુ એક સિધ્ધિ મેળવી છે. અમેરિકા પાસેથી મિસાઈલ શિલ્ડ ખરીદવા માટે થયેલા નિર્ણય વચ્ચે ભારતે સ્વદેશી મિસાઈલ ડિફેન્સ સિસ્ટમનુ ઓરિસ્સાના દરિયાકાંઠે સફળ પરીક્ષણ કર્યુ છે. આ સિસ્ટમ ૪૦ કિલોમિટરની રેન્જમાં કોઈ પણ મિસાઈલને તોડી પાડવા માટે સક્ષમ છે.


ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

3rd Edition
TRUCK TRAILER & TYRE EXPO
આંતરરાષ્ટ્રીય એક્ઝિબિશન ટ્રક, ટ્રેલર, ટીપર, ટેન્કર, ટાયર, રીફર, કન્ટેનર, ઓઈએમ અને સંબંધિત ઉદ્યોગો માટે
પ્રવેશ વિનામૂલ્યે
તા : ૦૩, ૦૪, ૦૫ ઓગસ્ટ ૨૦૧૮
મુલાકાતીઓ માટે લકી ડ્રો
@ મહાત્મા મંદિર, ગાંધીનગર
CONCURRENT EVENT
2nd Edition REEFER & CONTAINER EXPO
2nd Edition TIPPER & TANKER EXPO
9341473494 | 9248669027
www.tttexpo.in
mail@mediaday.co.in
SUPPORTED BY
Silver Sponsor
ICICI Bank Prepaid Cards
FASTag
ORGANISED BY
Media Day Marketing





તાત્કાલિક જોઈએ છે
ડિલવરી બોય
ધો-૧૦ થી ગ્રેજ્યુએટ, પગાર ૧૫૦૦૦/- + પેટ્રોલ + કમિશન
9824442106 • 9924703386

Required
Civil Engineer
B.E./Diploma - 10 yrs Experience
M.99798 76798